ગુજરાતમિત્ર
વર્ધા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૨

રવિવારીય પૂર્તિ

રવિવાર ૮ નવેમ્બર, ૨૦૨૬

દિવાળીથી નવું વર્ષ, વાયા ધોકો



આ જે ઝાકમઝોળ, ઝગમગાટ અને જલસાનો દિવસ, દિવાળી, પોતાની સાથે વીતેલાં એક વર્ષની તમામ પીડાઓ, મુશ્કેલીઓ, વિટંબણાઓ, કડવી યાદો, નિષ્ફળતાઓ, નારાજગીઓ પોતાની સોડમાં સમેટીને લઈ જશે. એક આશાભર્યા ઉજ્જવળ નવા વર્ષની ભેટ આપતી જશે. વીતેલા વર્ષની બધી નેગેટિવિટીથી તમે મુક્ત થઈ જશો. જાણે નવો જ જન્મ થયો હોય તેમ. કેવી અદ્ભુત વાત છે! વર્ષનો છેલ્લો દિવસ વીતી ગયેલા ૩૬૦ દિવસોના બધા જ ભારથી મુક્ત કરી દે છે, સાવ અનાયાસ જ.

એક સુંદર તક દિવાળી માણસને આપે છે, જીવનની ઘટમાળને રીસેટ કરી નાખવાની. એક જ ઝાટકે બધું ભૂંસાઈ જાય. દુઃખ, પીડા, નિષ્ફળતા, નિરાશા, હતાશા, અફસોસ, અણગમા, જે ગયા વર્ષમાં આપણને કુંડળી મારીને બેઠાં હતાં તે ચૂપકીદીથી સરકીને અદૃશ્ય થઈ જાય, જાણે કશું બન્યું જ નથી. ન કોઈ ભૂલ થઈ હતી, ન કોઈ

અનંતર

કાના બાંટવા

ઠોકર વાગી હતી, ન કોઈ ઘા પડ્યા હતા. જીવન ફરીથી કોરુંકટ થઈ ગયું. હવે જે લખવું હોય તે લખો, જે ચીતરવું હોય તે ચીતરો, જે ઘડવું હોય તે ઘડો, નવું નિર્માણ કરવા માટેનાં દ્વાર ખૂલી જાય. કેવું અનન્ય વરદાન! માણસને પોતાની જિંદગી ફરીથી જીવવાની તક મળે એથી મોટી ભેટ બીજી કઈ હોઈ શકે?

કેવી અદ્ભુત રચના! એકદમ સરળ અને એટલી જ અસરકારક. તમામ ઘટનાઓ એક દિવસમાં જ, નવી સવાર પડતાં જ ગયા વર્ષની બની જાય. પણ સૂર્યને ખબર નથી હોતી કે આજની સવાર નવા વર્ષની, નવી સવાર છે. પરોઢિયે પ્રથમ ટહુકાથી સવારનું સ્વાગત કરનાર પંખીને પણ ખબર નથી હોતી કે આ નવા વર્ષની સવાર છે. તરુની કુંપળો પર બેસીને ઊગતા સૂર્યનું પ્રતિબિંબ પાડતાં ઝાકળબિંદુને પણ આ જાણ નથી હોતી. સમગ્ર સૃષ્ટિ જેના ગર્ભમાં વિકસી રહી છે તે સમયને પણ જાણ નથી હોતી કે આ હું નવા વર્ષનું પ્રભાત ઉઘાડી રહ્યો છું. એ અનુભૂતિ માત્ર માણસને જ હોય.

સમયને આપણે ચક્રાકારે ઘૂમતો કલ્પી લઈએ છીએ. સૂર્ય-ચંદ્ર ઊગવા-આથમવાના ચક્ર અને ઋતુચક્રને લીધે આ કલ્પના થવી સ્વાભાવિક છે. પણ તે સમયનું ચક્ર નથી. પૃથ્વી સૂર્યની આસપાસ એક ચક્ર પૂરું કરે તે ગાળો છે. એના પરથી માણસે વર્ષ બનાવ્યું. ચંદ્ર ક્ષીણ થવાથી પૂર્ણ થવા સુધીના સમય મુજબ ૩૦ દિવસના મહિના બનાવ્યા એટલે વર્ષમાં બાર મહિના બન્યા. સૂર્ય ઊગે ત્યાંથી આથમે ત્યાં સુધીના સમયને દિવસ અને ત્યાંથી સવાર સુધીના સમયને રાત્રિ કહી. આ બધાને કારણે આપણને સમય ગોળ ઘૂમતો લાગે છે, પણ વાસ્તવમાં સમય લીનિયર છે કે પ્લેનર? ચાલે છે પણ ખરો? કે એ તો ઊભો જ છે, સ્થિર?

માણસે પોતાની મર્યાદાઓને રક્ષવા માટે સમયના ચંદરવા પર વર્ષો, મહિનાઓ, દિવસો, કલાકો, મિનિટો, સેકન્ડો, ઘડી, પળ ચીતરી દીધાં, જે વાસ્તવમાં માનવીની થાકેલી ચેતનાને વિસામો મળી રહે તે માટે ઊભા કરાયેલા થાંભલા માત્ર છે. અને આ વ્યવસ્થા ઉપકારક પણ નીવડી છે. જો માણસે સમયના આ ટુકડા ન કર્યા હોત તો વીતેલા દિવસોના ભાર તળે એ ક્યારનો કચડાઈ મર્યો હોત. આવતીકાલનો સૂર્ય એ જ આકાશમાં ઊગવાનો છે, જેમાં આજે તે આથમ્યો છે, છતાં માણસને તે નવેસરથી જીવવાનું જોમ આપી જશે.

જે વર્ષ પૂરું થઈ રહ્યું છે એને પણ ખબર નથી પોતાની હયાતીની. એ ખતમ થવાથી જીવન બદલાઈ જશે એવી દૃઢ આસ્થા માણસને હોય છે. સમય નામની નદીના પ્રવાહમાં માનવી સપનાં વાવતો રહે છે, આશાને ઉછેરતો રહે છે, નિરાશાને પાછી ધકેલતો રહે છે. તકલીફોને ભૂલીને સોનેરી સોણલાં જોતો રહે છે. અણગમતા ભૂતકાળને ભૂલી જવાની ઉતાવળ માનવીને હંમેશાં રહી છે અને તે તક વર્ષનો અંતિમ દિવસ આપે છે. દીવડાઓના ઝગમગાટ અને ફટાકડાના ધૂમધડાકામાં આપણે આ ગજબ તક વિશે વિચારવાનું ગુમાવી દઈએ છીએ. આપણા વ્યક્તિગત ગણતરીમાંથી છટકી ગયેલો અંશ છે. એ તિથિ વગરનો છે, એટલે કે સમયના ગણિતમાં એનો કોઈ 'ક્રમ' નથી. વીતેલાં અને આવતાં વર્ષની વચ્ચે ત્રિશંકુની જેમ લટકતો આ દિવસ સમયના બે કાંઠાઓ વચ્ચેનો ટાપુ છે, જ્યાં થોડી ક્ષણો નિરાંતે બેસીને પસાર થઈ ગયેલા વર્ષની ઘટનાઓને સાક્ષીભાવે નિહાળી શકાય. શ્વાસ લેવો, પૂરક અને શ્વાસ છોડવો, રેચક એ બે ગતિ વચ્ચેનો વિરામ, કુંભક, ધોકો છે. ધોકો શૂન્ય જેવો છે. શૂન્યની પોતાની કોઈ માત્રા નથી, છતાં એની હાજરી બીજી સંખ્યાઓની માત્રા બદલી નાખે છે. ધોકો પણ એવો જ છે. પોતે કોઈ વર્ષનો નથી, છતાં વીતેલા વર્ષને જોવાની અને આવનારા વર્ષને ઘડવાની તક આપે છે. જે દિવસનું પોતાનું કોઈ મૂલ્ય નથી, તે માણસને પોતાના આખા વર્ષનું મૂલ્યાંકન કરવાની તક આપે છે. ધોકો સમયનું શૂન્ય છે. અને શૂન્ય જ એ સ્થાન છે જ્યાંથી નવી ગણતરી શરૂ થઈ શકે છે.

વર્ષના આ વચલા દિવસે થોડી વાર પોતાની જાત સાથે રહો, ખંખેરી નાખો જગત દ્વારા આ શરીરને આપવામાં આવેલું બધું જ

આવતા વર્ષ માટે ઊર્જા ભરી લેવા માટે ધોકા જેવો શૂન્ય સમય તમારા માટે કાઢો. થોડીવાર પોતાની જાત સાથે રહો. ખંખેરી નાખો જગત દ્વારા આ શરીરને આપવામાં આવેલું બધું જ. અને ઓરિજિનલ તમને જુઓ. એ તમે પોતે છો. અને પૂછો એ ઓરિજિનલ તમને કે તું ખુશ છે? કશું ખૂટે છે? અને પૂછો કે તને મોજ પડે છે કે નહીં. અને પછી આગામી વર્ષનું જે આયોજન વ્યવસાય માટે, નોકરી માટે, સફળતા માટે, કમાવા માટે, સમૃદ્ધિ માટે, યશ માટે, પદ માટે, પ્રતિષ્ઠા માટે કરો ત્યારે થોડી જગ્યા આ તમારા ઓરિજિનલ માંહ્યલાને માટે પણ રાખજો. એને શાતા થાય એ માટેની વ્યવસ્થા પણ કરજો. ભગવદ્ ગીતામાં કહ્યું છે તેમ, આત્મૈવ હ્યાત્મનો બન્ધુરાત્મૈવ રિપુરાત્મનઃ। માનવી પોતે જ પોતાનો શત્રુ અને મિત્ર છે. આ વ્યવસ્થા કરશો તો તમને આખું વર્ષ કમાવામાં પણ આનંદ આવશે, સંઘર્ષ પણ મીઠો લાગશે, દોડાદોડી પણ સહ્ય લાગશે. સમયનાં સુનામીમાં બધાએ ગડથોલિયાં ખાવાનાં જ છે, ત્યારે એમાં પણ મજા લઈએ, જીવંત રહીએ, ઊર્જાવાન રહીએ એવી જ અપેક્ષા સાથે નવા વર્ષમાં પ્રવેશીએ. એક નવું તેજસ્વી ભવિષ્ય તમારી રાહ જોઈ રહ્યું છે, નવા વર્ષની પ્રથમ સવારરૂપે.

હેપી ન્યૂ યર, ડિયર રીડર!

શ્રદ્ધાળુઓને હવે ધર્મ નહીં, સમાનતાનો સાક્ષાત્કાર !



નો નોનસેન્સ



રમેશ ઓઝા

અ ત્યારે જગતમાં એક નવો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે, જેને હું 'શ્રદ્ધાળુઓનો સમાજવાદ' તરીકે ઓળખાવું છું. આ લોકો ધાર્મિક છે અને છતાંય સમાજવાદી છે. શ્રદ્ધાળુઓનો આ સમાજવાદ, શ્રદ્ધાળુઓના મૂડીવાદની પ્રતિક્રિયારૂપે પેદા થયો છે. અમેરિકાની એરિઝોના ક્રિશ્ચિયન યુનિવર્સિટીના કલ્ચરલ રિસર્ચ સેન્ટરના એક સર્વેક્ષણ મુજબ, સમાજવાદી સમાજરચનામાં માનતા જેન ઝી યુવાનોનું પ્રમાણ ૨૦૨૨માં ૨૨ ટકા હતું, જે ૨૦૨૬માં વધીને લગભગ બમણું એટલે કે ૩૯ ટકા થયું છે.

અમેરિકામાં તાજેતરમાં યોજાયેલી મધ્યસત્ર ચૂંટણીનાં પરિણામો જોતાં આ સર્વેક્ષણ વધુ બોલકું બની જાય છે. ડોનાલ્ડ ટ્રમ્પની પહેલી મુદતની નિષ્ફળતાઓ છતાં મોટા પ્રમાણમાં ધાર્મિક ખ્રિસ્તીઓએ ટ્રમ્પનો સાથ છોડ્યો નહોતો અને ૨૦૨૪માં તેમને મત આપીને ફરી એકવાર વ્હાઇટ હાઉસમાં બેસાડ્યા હતા. પરંતુ હવે નવી પેઢીને કશોક નવો સાક્ષાત્કાર થઈ રહ્યો છે. અત્યાર સુધી જગતમાં એવું જોવા મળ્યું છે કે જે લોકો રૂઢ અર્થમાં ધાર્મિક હોય છે તેઓ પરંપરાપરસ્ત અને રૂઢિચુસ્ત વિચારધારાને સમર્થન આપે છે. તેમનો કોઈ રાજકીય પક્ષ હોય તો તેને પણ ટેકો આપે છે. પશ્ચિમી દેશોમાં લગભગ સર્વત્ર ધાર્મિક ખ્રિસ્તીઓના મત રૂઢિચુસ્ત પક્ષોને મળતા આવ્યા છે. જેમ કે અમેરિકામાં રિપબ્લિકન પક્ષને અને બ્રિટનમાં કન્ઝર્વેટિવ પક્ષને. આ પક્ષોની આર્થિક નીતિ જમણેરી હોય છે.

અહીં પ્રશ્ન થવો જોઈએ કે જમણેરી જ શા માટે? સામાજિક દૃષ્ટિકોણ ભલે રૂઢિચુસ્ત હોય, પણ આર્થિક નીતિ ડાબેરી અને સમાજવાદી હોય એવું ન બની શકે? બની તો શકે, પણ સામાન્ય રીતે એવું બનતું નથી. કારણ એ છે કે સંસ્કાર (ઓળખ) અને સ્વાર્થ (મૂડી રળવાનો અને તેનો સંગ્રહ કરવાનો અબાધિત અધિકાર એટલે મૂડીવાદ) સર્વસમાવેશક નથી. તેના પાયામાં પૃથકતા છે અને એટલે જ બંને ભાઈબંધની જેમ સાથે જાય છે. ખ્રિસ્તી હોવાપણામાં કે હિન્દુ હોવાપણામાં જેમને પોતાની મહાનતા દેખાતી હોય તે વ્યક્તિ વિધર્મીને પોતાનાથી નીચલા સ્તરે જ જોવાની. બીજી બાજુ, જેનામાં આવડત હોય તેને કમાવાનો અધિકાર હોવો જોઈએ અને રાજ્યે તેમાં વચ્ચે ન આવવું જોઈએ. જે કમાય છે તેને પોતાની કમાણીનો સંગ્રહ કરવાનો અને તેનો ઉપભોગ કરવાનો પણ અધિકાર હોવો જોઈએ. આ કમાયેલી મૂડી છે, કોઈની ચોરેલી કે દયાથી મેળવેલી મૂડી નથી. આ પ્રતાપી વ્યક્તિનો ઉદ્યમ છે અને ઉદ્યમમાં વચ્ચે આવીને પ્રતાપી વ્યક્તિના પ્રતાપને ઝાંખો પાડવાનો કોઈનેય અધિકાર ન હોવો જોઈએ. રાજ્યને પણ નહીં. તમારે બાકીની પ્રજાનું કલ્યાણ કરવું હોય તો કરવેરાની આવક દ્વારા કરો. સ્વાર્થજન્ય મૂડીવાદનું આ તર્કશાસ્ત્ર છે.

ટૂંકમાં, સંસ્કારજન્ય ઓળખ સામાજિક સમાનતાને નકારે છે અને સ્વાર્થજન્ય મૂડીવાદ આર્થિક સમાનતાને નકારે છે. એટલે સંસ્કાર અને સ્વાર્થ સાથે જાય છે. રૂઢિચુસ્ત રાજકીય પક્ષો સંસ્કાર (ઓળખ) અને સ્વાર્થ (મુક્ત અર્થનીતિ એટલે મૂડીવાદ) બંનેનું પ્રતિનિધિત્વ કરે છે. અમેરિકામાં અને અન્ય દેશોમાં ખ્રિસ્તી હોવાપણામાં મહાનતા શોધનારા ખ્રિસ્તીઓ હંમેશાં રૂઢિચુસ્ત પક્ષોને મત આપતા રહ્યા છે. પરંતુ હવે એરિઝોના ક્રિશ્ચિયન યુનિવર્સિટીના કલ્ચરલ રિસર્ચ સેન્ટરના સર્વેક્ષણ મુજબ નવી પેઢીનો મિજાજ બદલાઈ રહ્યો છે. નવમૂડીવાદનો ભૂખાળવો ચહેરો તેમને નજરે પડી રહ્યો છે. થોડાક લોકોના હાથમાં થઈ રહેલો મૂડીનો સંગ્રહ તેમને નજરે પડી રહ્યો છે. શ્રીમંત સમ્રાટો સામે આળોટતા શાસકો તેમને નજરે પડી રહ્યા છે. શાસકો અને રાજ્ય પર શ્રીમંત સમ્રાટોએ કરેલો કબજો તેમને નજરે પડી રહ્યો છે. તેમની ચિતરી ચડે એવી ગોબરી વૈભવી જીવનશૈલી નજરે પડી રહી છે. સત્તા અને સંપત્તિની ભાગીદારી નજરે પડી રહી છે. સત્તા માટે દેશની અંદર પેદા કરવામાં આવતો પ્રજાકીય વિગ્રહ નજરે પડી રહ્યો છે. સત્તા માટે લશ્કર અને યુદ્ધનો કરવામાં આવતો દુરુપયોગ તથા લોકો પર થોપવામાં આવતાં યુદ્ધો નજરે પડી રહ્યાં છે અને સૌથી વધુ તો આ નવી ભાગીદારીમાં તેમને પોતાનું અનિશ્ચિત ભવિષ્ય નજરે પડી રહ્યું છે.

તેમને સમજાઈ રહ્યું છે કે જે પક્ષને અને તેના નેતાઓને ખ્રિસ્તી હોવાપણાનો ગર્વ ધરાવનારા ધાર્મિક લોકો મત આપતા રહ્યા છે, તે પક્ષ તેમના માટે કામ નથી કરતો, પરંતુ કોઈકના ગુલામની જેમ વર્તે છે. આ એક એવી ભાગીદારી છે, જેમાં ભાગીદારોમાં ક્યાંય ખ્રિસ્તી મૂલ્યો નજરે પડતાં નથી. તેઓ ઈસુના આદેશોની વિરુદ્ધ વર્તી રહ્યા છે.

હવે તેમને સમાનતાનું મહત્ત્વ સમજાઈ રહ્યું છે. સમાનતાને ન્યાય સાથે સંબંધ છે અને અહીં સમાજવાદ આવે છે. સમાજવાદ કહે છે કે તમે કોઈ ચોક્કસ ધર્મના અનુયાયી છો એટલે આપોઆપ મહાન બની જતા નથી. તમે કોઈ દેશમાં બહુમતીમાં છો એટલે આપોઆપ પ્રથમ ખોળાના બની જતા નથી. તમે મહાપ્રતાપી છો એટલે આખા સાગરનું પાણી પીવાનો અને તેનો સંગ્રહ કરવાનો અધિકાર ધરાવતા નથી. આ ધરતી પર અને દેશમાં બીજા લોકો પણ છે અને તેઓ તમારા જેવા જ માનવી છે. તેમને પણ સમાનતા મળવી જોઈએ. એટલે 'આપણે' અને 'બીજા' વચ્ચે ભેદ કરવામાં ન આવે, પરંતુ આપણે સૌની વચ્ચે સમાનતા હોવી જોઈએ. સંપત્તિની વહેંચણીમાં સમાનતા, સામાજિક દરજ્જામાં સમાનતા અને દરેક પ્રકારના અધિકારોમાં સમાનતા. આ સમાજવાદી તત્ત્વજ્ઞાન છે.

એરિઝોના ક્રિશ્ચિયન યુનિવર્સિટીના કલ્ચરલ રિસર્ચ સેન્ટરે ધાર્મિક જેન ઝીના બદલાયેલા મિજાજની જે વાત કરી છે, તે યુવાનો કેટલી હદે સમાજવાદી થયા છે એ કહેવું અત્યારે મુશ્કેલ છે. શક્ય છે કે અત્યારે તેમને નવમૂડીવાદમાં કે કોની કેપિટાલિઝમમાં પોતે વંચિત થઈ રહ્યા છે અને પોતાનું ભવિષ્ય ધૂંધળું છે એટલું જ નજરે પડતું હોય. બાકીનાં સમાજવાદી મૂલ્યો વિશે તેઓ વિચારતા પણ ન હોય. શક્ય છે કે તેમની શ્વેત સર્વોપરિતાની કે ખ્રિસ્તી સર્વોપરિતાની માનસિકતા હજુ પણ યથાવત્ હોય. અહીં માનવતાવાદીઓની ભૂમિકા મહત્ત્વની બને છે. તેમણે સમાજવાદના રાજકીય ચહેરાને માનવતાવાદી બનાવવો જોઈએ. 'આપણે સૌ એક પિતાનાં સંતાન છીએ' એ માનવતાવાદી સમાજરચનાનો ધ્રુવમંત્ર બની શકે. અમેરિકામાં ૨૦૨૬ની મધ્યસત્ર ચૂંટણીમાં મતદારોએ રિપબ્લિકન પક્ષને મોટો ફટકો આપ્યો છે અને ડેમોક્રેટિક પક્ષે પ્રતિનિધિગૃહ તથા સેનેટ બંનેમાં બહુમતી મેળવી છે. આ પરિણામ માત્ર ટ્રમ્પના ગાંડપણ સામેનો પ્રતિભાવ નથી, પરંતુ તેમની

સત્તા માટે લશ્કર અને યુદ્ધનો કરવામાં આવતો દુરુપયોગ તથા લોકો પર થોપવામાં આવતાં યુદ્ધો નજરે પડી રહ્યાં છે અને સૌથી વધુ તો આ નવી ભાગીદારીમાં તેમને પોતાનું અનિશ્ચિત ભવિષ્ય નજરે પડી રહ્યું છે

નીતિઓ, મોંઘવારી, યુદ્ધ અને શાસન સામેનો વ્યાપક અસંતોષ પણ છે. ટ્રમ્પનું ગાંડપણ નગ્ન સ્વાર્થથી પ્રેરિત છે, એ વાત હવે વધુ સ્પષ્ટ બની રહી છે. ઇઝરાયેલમાં પણ નેતાન્યાહુની આક્રમક નીતિઓ અને તેમના શાસન સામે અસંતોષનો સવાલ મહત્ત્વનો બન્યો છે. સર્બિયામાં આંદોલનકારી જેન ઝીની રાજકીય ભૂમિકા અને નેપાળમાં યુવાનોના આંદોલનોએ પણ એક વાત સ્પષ્ટ કરી છે કે નવી પેઢી સત્તાના પરંપરાગત માળખાને પડકારવા તૈયાર છે. ભારતમાં પણ જેન ઝી રસ્તા પર ઊતર્યો છે. તેમને પણ ભારતના શાસકોનું એ જ ચરિત્ર નજરે પડી રહ્યું છે, જે અન્યત્ર નવયુવાનોને નજરે પડી રહ્યું છે. જગતમાં કાયમ માટે સમાજવાદનો પરાજય થયો છે અને સ્વાર્થપ્રેરિત મૂડીવાદનો કાયમી વિજય થયો છે, એવું જાણીતા વિચારક ફ્રાન્સિસ ફુકુયામાએ ૧૯૯૨માં સોવિયેત સંઘના પતન પછી લખેલા 'ધ એન્ડ ઑફ હિસ્ટરી એન્ડ ધ લાસ્ટ મેન' પુસ્તકમાં રજૂ કરેલી વિચારધારા સાથે જોડવામાં આવે છે. તેમની મુખ્ય દલીલ એવી હતી કે મૂડીવાદના કેન્દ્રમાં સ્વાર્થ છે અને સ્વાર્થ સમાજવાદની જેમ જડ નથી હોતો, પરંતુ ગમે તેવી સ્થિતિમાં, ગમે તે ભોગે ટકી રહેવા બાંધછોડ કરતો હોય છે. જતું કરીને, થોડુંક છોડીને ભોગવવાની તેનામાં આવડત છે. પરંતુ હવે એ જ ફુકુયામા ઇતિહાસના અંતની પોતાની વિચારધારાની મર્યાદાઓ અને ઉદાર લોકશાહી સામેના પડકારો વિશે વાત કરે છે. ભૂખાળવા મૂડીવાદીઓ મૂડીવાદની જ હત્યા કરશે અને સ્વાર્થ સમાજવાદ કરતાં પણ વધારે જક્કી સાબિત થઈ શકે છે, એવી સ્થિતિની કલ્પના કદાચ ત્યારે કરવામાં આવી નહોતી. મને એમ લાગે છે કે માનવતાવાદીઓને સક્રિય થવા માટેનો આ એક રૂડો અવસર છે. સંસ્કાર અને ઓળખના આંખ પરનાં પાટા ખૂલી રહ્યા છે. લોકોને સમજાઈ રહ્યું છે કે તેમનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. અમેરિકાના ક્રિશ્ચિયન યુનિવર્સિટીના કલ્ચરલ રિસર્ચ સેન્ટરે કરેલા સર્વેક્ષણ જેવું સર્વેક્ષણ આપણે ત્યાં કરવામાં આવે તો મને ખાતરી છે કે ચોંકાવનારાં પરિણામો જોવા મળે.

સિલી પોઇંટ સ્ટાર્ની.

